ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩



ડભોઇ નગરપાલિકામા છેલ્લા પાંચ વર્ષમાં કોન્ટ્રાકટરને ઘી કેળા

# ડભોઈ નગરપાલિકા દ્વારા કોન્ટ્રાક્ટરને સાચવવામાં એક કરોડ રૂપિયા પાણીમાં

**ડભોઇ** નગરપાલિકાની મુદત પુરી થઈ પણ કેટલાક વિકાસના વિવાદ હજુ છુટતા નથી

(પ્રતિનિધિ) ડભોઈ, તા.25
ડભોઈ નગરપાલિકા ને સરકાર દ્વારા નગરજનો ને પાણી ના સુખ માટે મોતીબાગ ની જુની ટાંકી તોડી નવી એક કરોડ ના ખર્ચે બનાવવા મા આવી જેનુ ઉધ્ધાટન ધારાસભ્યના હસ્તે કરવામાં આવેલ. તે વખતે ટાંકી ભરવા મા ન આવેલ અને ધારાસભ્યનો ગુસ્સો સહન ના કરવો પડે એ માટે ગાડી અવડાપાટે ચઢાવી દેવામાં આવેલ. પરંતુ પાપ છાપરે ચઢી પોકારે એમ ટાંકીના પાણીનો ઉપયોગ યેનકેન પ્રકારે પાણી ભરવાનુ ટાળવામાં આવ્યું હતું. પણ ગત દિવસો મા પાણી ભરવામા આવેલ જે ટાંકીમા પાણી ગળતા તેના ફોટા સોસિયલ મિડિયામા વાયરલ થયા અને નગરજનો ને ટાંકી નો ભ્રષ્ટાચાર દેખા દીધો. નગરપાલિકા દ્વારા કોન્ટેક્ટરો સાચવવા સરકારની ગ્રાંટનો પેટભરી દુર ઉપયોગ આખાય નગરમાં જોવા મળ્યો છે.

પાણી ની ટાંકી ના કોન્ટ્રાક્ટર પ્રકાશ વિહોલ નામનો હોવાની વિગતો બહાર આવવા પામી છે. ડભોઈ નગરપાલિકાને



કોન્ટાકટરો છેક છોટાઉદેપુર થી લાવવામા આવેલ છે. ડભોઈ નગરપાલિકામા છેલ્લા પાંચ વર્ષમાં કોન્ટાકટરો ને ઘી કેળા થઈ ગયા હતાં. નગરને ચિફ ઓફિસરના પાપે એક કરોડની ટાંકી હોવા છતાંય તરસ્યા રહેવાનો વારો આવેલ છે. ડભોઈ નગરપાલિકાના ચિફ ઓફિસર ઈજનેર પોતાની એ.સી. ચેમ્બરમા બેસી કોન્ટાકટરો પર નજર રાખી રહ્યા હતા હવે પાપ નો ઘડો મોભે જઈ ફુટશે જે આવનાર નગરપાલિકાની ચૂંટણીમા જોવા મળશે એ નક્કી છે. વડોદરા જિલ્લા ભાજપ પ્રમુખ ડો.બી. જે.બ્રહમભટ્ટ રસ લઈ નગરજનો ને પાણી પુરતુ અને નિયમિત મળે એ માટે ચિફ ઓફિસરનો કલાસ લે એ જરૂરી છે. નગરપાલિકાના ભ્રષ્ટાચારોની એક લાંબા લીસ્ટ મા ટાંકી એક વધુ ઉમેરાઈ છે.

## આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે સાડી વિતરણ કાર્યક્રમ યોજાશે

(પ્રતિનિધિ) પાદરા, તા.25
જાસપુર ગામ ખાતે તા.26/03/2026, ગુરુવારના રોજ સવારે 10:00 આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે વિશેષ કાર્યક્રમનું આયોજન જાસપુર હાઈસ્કૂલ ખાતે કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ગામની મહિલાઓ માટે સાડી વિતરણ કાર્યક્રમ રાખવામાં આવ્યો છે, જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ હાજરી આપશે. આ કાર્યક્રમનું આયોજન ડૉ.પારુલ બેંકર તેમજ બેંકર્સ ગ્રુપ ઓફ હોસ્પિટલ અને યશ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં મહિલાઓના સન્માન અને તેમની ભૂમિકા અંગે જાગૃતિ ફેલાવવાનો મુખ્ય હેતુ રહેલો છે.

બે દિવસીય ધાર્મિક મહોત્સવની તડામાર તૈયારીઓ

# છોટાઉદેપુરમાં શ્રી રામ જન્મોત્સવની ઉજવણીનો અનેરો ઉત્સાહ દેખાયો

**ગોરા** રામજી મંદિર ખાતે ભવ્ય બાઈક રેલી, સુંદરકાંડ અને શોભાયાત્રાનું આયોજન

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.25
મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામના જન્મોત્સવને વધાવવા માટે સમગ્ર છોટાઉદેપુર નગરમાં ભક્તિમય માહોલ જામ્યો છે. આગામી શ્રી રામ નવમીના પવિત્ર પર્વ નિમિત્તે નગરના રામ ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને બે દિવસીય ભવ્ય ઉજવણી માટેની તૈયારીઓ હાલ આખરી ઓપમાં છે.



નગરના મુખ્ય માર્ગો અને તમામ રામ મંદિરોને કેસરી રંગની ધજા-પતાકા અને રોશનીથી ઝળહળતા કરી દેવામાં આવ્યા છે, જેના કારણે સમગ્ર નગર રામમય બની ગયું છે. નગરની મધ્યમાં આવેલા ઐતિહાસિક અને શ્રદ્ધાના કેન્દ્ર સમાન ગોરા રામજી મંદિર ખાતે વિશેષ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

મંદિરના મહંત શ્રી જ્યોતિશ્વરદાસજીએ વિગતો આપતા જણાવ્યું હતું કે, શ્રી રામ જન્મોત્સવ નિમિત્તે પૂજા-અર્ચના, સુંદરકાંડ પાઠ અને ભજન સંધ્યા સહિતના અનેક કાર્યક્રમો યોજાશે. મહોત્સવના પ્રથમ દિવસે, તારીખ ૨૬ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે મંદિરના પ્રાંગણમાંથી એક ભવ્ય બાઈક રેલી પ્રસ્થાન કરશે, જે નગરના વિવિધ વિસ્તારોમાં ફરી રામભક્તિનો પ્રચાર કરશે. ત્યારબાદ રાત્રિના સમયે સંગીતમય સુંદરકાંડના પાઠનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

અનેક આગેવાનોને સ્થાન મળતા રાજકીય પ્રભાવ મજબૂત

# વડોદરા જિલ્લા ભાજપ કારોબારીમાં ડભોઈ તાલુકાનો દબદબો યથાવત

**જિલ્લા** પ્રમુખ તરીકે ડો. બી.જે. બ્રહ્મભટ્ટની વરણી બાદ ડભોઇને મળ્યું વિશેષ પ્રતિનિધિત્વ

(પ્રતિનિધિ) વડોદરા, તા.25
ભાજપ વડોદરા જિલ્લાના નવા પ્રમુખ તરીકે ડૉ. બી.જે. બ્રહ્મભટ્ટની વરણી થયા બાદ જિલ્લા ભાજપ સંગઠનમાં ડભોઇ વિસ્તારનો દબદબો યથાવત જોવા મળ્યો છે. જિલ્લા કારોબારીની નવી રચનામાં ડભોઈ શહેર અને તાલુકાના અનેક આગેવાનોને મહત્વપૂર્ણ સ્થાન આપવામાં આવ્યું છે.

જિલ્લા કારોબારીમાં ડભોઈથી પૂર્વ શહેર પ્રમુખ ડૉ. સંદીપ શાહ, પૂર્વ શહેર મહામંત્રી અમિત સોલંકી, પૂર્વ મહામંત્રી વંદન પંડ્યા અને પારુલબેન સોલંકીની વરણી કરવામાં આવી છે. ઉપરાંત બક્ષીપંચ મોરચામાં પત્રકાર તથા પૂર્વ ઉપપ્રમુખ પંકજ સાધુને મંત્રી તરીકે સ્થાન આપવામાં આવ્યું છે.

તાલુકા સ્તરે પણ ડભોઈનું મજબૂત પ્રતિનિધિત્વ જોવા મળ્યું છે. જેમાં યુવા ઉપપ્રમુખ તરીકે નિરવ પટેલ, જિલ્લા કારોબારીમાં અશ્વિન પટેલ, યુવા મોરચાની કારોબારીમાં પાર્થ પાંડે, તેમજ ડભોઈ તાલુકામાંથી વૈશાલીબેન પટેલ, વનીતાબેન પંડ્યા, દિક્ષિત પટેલ (નારિયા), હબીપુરાના દિપ્તિબેન પટેલ અને થુવાવીના હિનાબેન બ્રહ્મભટ્ટની પસંદગી કરવામાં આવી છે.

ડભોઈ શહેર અને તાલુકાના આગેવાનોને મળેલા આ વ્યાપક પ્રતિનિધિત્વને પગલે જિલ્લા ભાજપ સંગઠનમાં ડભોઈનો દબદબો યથાવત રહ્યો હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. આવનારા સમયમાં જિલ્લા ભાજપનું કેન્દ્રબિંદુ ડભોઈ બનશે તો નવાઈ નહીં તેવી રાજકીય ચર્ચાઓ પણ તેજ બની છે.

# ચૈત્રી નવરાત્રી નિમિત્તે દેવી ભાગવત કથા, ભક્તો ઉમટ્યા



(પ્રતિનિધિ) પાદરા, તા.25
પાદરા નગરના ગાંધીચોક સ્થિત રામસ્નેહી સંપ્રદાયના રામદ્વારા મંદિરમાં ચૈત્ર માસ દરમિયાન ચૈત્રી નવરાત્રીના પાવન અવસર પર શ્રીમદ દેવી ભાગવત દિવ્ય સત્સંગ સપ્તાહ કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર મંદિર પરિસર ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠ્યું હતું અને મોટી સંખ્યામાં ભક્તો કથાનો લીધો હતો.

આ પવિત્ર કથાનું વક્તૃત્વ પરમ પૂજ્ય સંતશ્રી શ્રી રામપ્રસાદજી મહારાજ દ્વારા કરવામાં આવી રહ્યું છે. તેઓ પોતાના મધુર અને ભાવસભર પ્રવચનો દ્વારા દેવી મહિમા, ભક્તિ અને ધર્મના મર્મને સરળ ભાષામાં સમજાવી રહ્યા છે, જેને શ્રોતાઓ ખૂબ આત્મિયતાથી સાંભળી રહ્યા છે. કથા દરમ્યાન વિવિધ ધાર્મિક પ્રસંગો, ભજનો અને ઉત્સવોનું પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું.

નાગરિકોને શાંતિ જાળવવા અને પાયાવિહોણી વાતોમાં ન આવવાની અપીલ

# અફવાઓથી દૂર રહી વાસ્તવિકતા પર ધ્યાન આપવા છોટાઉદેપુર જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા અપીલ

(પ્રતિનિધિ) બોડેલી, તા.25
સોશિયલ મીડિયા પર પેટ્રોલ અને ડીઝલનો જથ્થો ખૂટી જશે તેવી આધારવિહોણી અફવાઓના પગલે ગુજરાત સહિત છોટાઉદેપુર જિલ્લામાં પણ પેટ્રોલ પંપો પર વાહનોની લાંબી કતારો જોવા મળી હતી. આ સ્થિતિને ધ્યાને લેતા છોટાઉદેપુર જિલ્લા પુરવઠા અધિકારી શ્રી એન. એફ. વસાવાના અધ્યક્ષસ્થાને જિલ્લાના પેટ્રોલ પંપ માલિકો, ડિલરો અને ગેસ એજન્સીના સંચાલકો સાથે તાકીદની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લાના તમામ પેટ્રોલ પંપો પર હાલ ઉપલબ્ધ




પેટ્રોલ-ડીઝલના જથ્થા તેમજ આગામી દિવસોમાં મળનાર પુરવઠા અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. રાંધણ ગેસ (LPG) ના ઘરેલુ અને કોમર્શિયલ સિલિન્ડરના વિતરણ અને ઉપલબ્ધતા અંગેની પણ ગંભીરતાથી સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં ડિલરો સાથેની ચર્ચાના અંતે સ્પષ્ટ થયું છે કે જિલ્લામાં પેટ્રોલ, ડીઝલ કે ગેસના જથ્થાની કોઈ જ અછત નથી. પુરવઠો નિયમિત અને પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે.

જિલ્લા પુરવઠા અધિકારી શ્રી એન. એફ. વસાવાએ નાગરિકોને અનુરોધ કરતા જણાવ્યું હતું કે,"સોશિયલ મીડિયા પર વહેતા થયેલા ખોટા સમાચાર કે અફવાઓથી ગભરાઈને પેટ્રોલ પંપો પર બિનજરૂરી ભીડ ન કરવી. જિલ્લામાં ઈંધણ અને ગેસનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. જનતાએ માત્ર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આપવામાં આવતી સત્તાવાર સૂચનાઓ પર જ વિશ્વાસ રાખવો. નાગરિકોને શાંતિ જાળવવા અને પાયાવિહોણી વાતોમાં ન આવવા શ્રી વસાવાએ અપીલ કરી હતી.

# ડભોઈમા લુડોના રવાડે યુવાધન સામાજિકઆગેવાનોમાટેપડકાર!!

**ડભોઇમા** જુગારની લત બાદ લ્યુડો ગેમના રવાડે યુવાધન જોવા મળી ગયું

(પ્રતિનિધિ) ડભોઈ, તા.25
ડભોઈ શહેર તાલુકો આર્થિક રીતે પછાત હોવાને લઈ ને યુવાધન વ્યસન ના માર્ગે ચઢી ગયું છે. આ વ્યસન ને લઈ કેટલાય સમાજ મા યુવાનો સામાજિક પળો જણ મા પડયા વિના વિવાહ વિના જિંદગી ગુજારી રહ્યા છે. ડભોઈના રાજકીય નેતા ઓ પણ ડભોઈ ને જાણે ઉડતા પંજાબ બનાવવામા રસ હોય એમ ડભોઈના યુવાનો માટે આર્થિક પગભર થવાના કોઈ કાયમી ઉકેલ મા રસ ના હોય એમ ઉદાસીન જોવા મળે છે. ડભોઈ ની આર્થિક સ્થિતિ ડભોઈ તાલુકા પર નિર્ભર છે



ગત વર્ષ ડભોઈ તાલુકા મા કુદરતે પણે લાપટ મારી જેને લઈ આર્થિક સ્થિતિ ડામાડોળ થઈ ગઈ છે. ડભોઈમા હિરાભાગોળથી લઈ ડેપો સુધી અને નાંદોદી ભાગોળથી મહુડી ભાગોળ સુધી સવારે સુરજ ઉગે ત્યાંથી મોડી રાત સુધી યુવાનો લ્યુડો ગેમ રમતા જોવા મળે છે. જેમાં એક રમત ૧૦ થી માંડી હેસિયત કરતાં વધારે રમાય છે આમાં પોલીસની પણ ભૂમિકા આવતી નથી ઓન લાઈન જુગારની જેમ આ રમત પણ કાયદાના કોરડામા આવતી નથી.

# જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં નાગરિકો દ્વારા વ્યક્તિગત અને જાહેર હિતને સ્પર્શતા કુલ 17 પ્રશ્નો રજૂ થયા

**જિલ્લા** કલેક્ટર ગાર્ગી જૈનના અધ્યક્ષસ્થાને ‘જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ’ કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.25
છોટાઉદેપુર જિલ્લાના નાગરિકોના પડતર પ્રશ્નો અને ફરિયાદોનું પારદર્શક તથા સમયબદ્ધ નિવારણ લાવવાના ઉમદા હેતુથી આજે જિલ્લા સેવા સદનના વિડિયો કોન્ફરન્સ હોલ ખાતે જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈનના અધ્યક્ષસ્થાને ‘જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ’ કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં નાગરિકો દ્વારા વ્યક્તિગત અને જાહેર હિતને સ્પર્શતા કુલ ૧૭



પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. વારસાઈ કરવા, રસ્તા પરનું દબાણ દૂર કરવા, નલ સે જળ યોજના, સર્વે નંબર, ખનીજ ચોરી, નેશનલ હાઈવે મધ્ય બિંદુ થી ૪૦ મીટર અંતર નિયમ, સર્વિસ રોડ બનાવવા, સર્ટિફાઈટ નકલ આપવા, વીજ કનેક્શન, બિન અધિકૃત ઠરાવ, ખેતીવાડીની સિંગલ ફેઝ પાવર રાત્રી દરમિયાન આપવા, નરેગા જોબ કાર્ડ અને નવા રોડ બનાવવાના પ્રશ્નો રજૂ થયા હતા. કલેક્ટરએ તમામ અરજદારોને રૂબરૂ સાંભળ્યા હતા અને જે-તે વિભાગના અધિકારીઓ પાસેથી પ્રશ્નોની વર્તમાન સ્થિતિની ઝીણવટભરી વિગતો મેળવી હતી.

કલેક્ટરએ અધિકારીઓને તાકીદ કરી હતી કે પ્રશ્નોના મૂળ સુધી પહોંચી, યોગ્ય તપાસ કરી વહેલી તકે સંતોષકારક નિકાલ લાવવો. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી સચિનકુમાર, પોલીસ અધીક્ષક ઈમ્તિયા શેખ, નિવાસી અધિક કલેકટર શૈલેશ ગોકલાણી સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત રાજ્ય સંસ્કૃતિ બોર્ડ દ્વારા સંસ્કૃત ક્લાસના નિર્માણ માટે

# બીકે પટેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજને ગ્રાન્ટ ફાળવવામાં આવતા ખુશીની લહેર

(પ્રતિનિધિ) સાવલી, તા.25
સાવલી ખાતે પૂજ્ય સાવલી વાળા સ્વામીજી નિર્મિત બી.કે પટેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ માં વિદ્યાર્થીઓ માટે વધુ એક સુવિધા શિક્ષણ વિભાગ દ્વારા શરૂ થનાર છે જેમાં ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ શિક્ષણ વિભાગ દ્વારા સંસ્કૃત ભાષાને ઉત્તેજન તેમજ વેગ આપવા માટે સંસ્કૃત રૂમની ફાળવણી કરવામાં આવી છે અને તેની ગ્રાન્ટની જાહેરાત અને વિતરણ આગામી 28 મી માર્ચ ના રોજ રાજ્ય ભવન ગાંધીનગર ખાતે મહામુહીમ રાજ્યપાલ દ્વારા કરવામાં આવનાર છે. સંસ્કૃત સપ્તાહ યોજના અંતર્ગત "સંસ્કૃત ક્ક્ષ અનુદાન વિતરણ કાર્યક્રમ માં રાજ્યપાલ હાજર રહેનાર છે અને તેઓના હસ્તે વિતરણ કરનાર છે. અને તેની જાણ કરતો પત્ર સાવલી કોલેજ સત્તાવાળાઓને પાઠવવામાં આવતા તાલુકાના શિક્ષણ આલમમાં ખુશીની લહેર પ્રસરી ગઈ છે. અને તાલુકાની કોલેજમાં સ્પેશિયલ એક વિષય માટેની અલાયદા વ્યવસ્થાનું આયોજન થવાના પગલે સંસ્કૃત રસીકોમાં ખુશીની લહેર પ્રસરી ગઈ છે. આ અલગ કક્ષના પગલે સંસ્કૃત ભાષાને પ્રાથમિકતા તેમજ પ્રોત્સાહન મળશે જેનાથી સંસ્કૃત ભાષાનો પ્રચાર પ્રસાર અને વિદ્યાર્થીઓમાં સંસ્કૃત વિષયમાં રુચિ ઉત્પન્ન થશે અને આ સંસ્કૃતિને નજીકથી જાણવા માટે સંસ્કૃત વિષયના પુસ્તકો વસ્તુ પ્રદર્શનની સુભાષિત ચાર્ટ વગેરે દ્વારા શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં મદદરૂપ થશે.

## અંબાલી ગામના યુવાનની લાશ નારેશ્વર નર્મદા નદીમાંથી મળી

(પ્રતિનિધિ) શિનોર, તા.25
શિનોર તાલુકાના અંબાલી ગામ નજીક થી પસાર થતી નર્મદા નદી ખાતે બે દિવસ અગાઉ એક દુખદ ઘટના બની હતી. જેમાં સુરેન્દ્રનગર થી નર્મદા પરિક્રમા માટે આવેલ શ્રદ્ધાળુઓના સંઘ પૈકીનો 21 વર્ષીય યુવાન નર્મદા નદીમાં ડૂબીને લાપતા થયો હતો.જે અંગેની જાણ કરજણ ફાયર વિભાગ ને પણ કરાઈ હતી. જોકે ભારે શોધખોળ બાદ મૃતદેહ મળી આવ્યો ન હતો, આ મૃતદેહ 72 કલાક બાદ કરજણ તાલુકાના નારેશ્વર ખાતે થી મળી આવ્યો હોય, તેને બહાર કાઢી મૃતદેહને કરજણ પોલીસે વધુ તપાસ અર્થે મોકલી આપેલ છે. પોલીસ ધ્વારા આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રસૂતા મહિલાના મોત બાદ રસ્તા બનાવવાની જાહેરાત છતાં હજુ સુધી રસ્તા બન્યા નથી

# છોટા ઉદેપુરનું તુરખેડા રસ્તાના અભાવે વિકાસથી વંચિત

**ગ્રામજનોની** ચૂંટણી બહિષ્કારની ચીમકી

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.25
ગુજરાત સરકાર વિકાસના મોટા મોટા દાવા કરી રહી છે.પરંતુ સરકારનો આ વિકાસ માત્ર બોલવા માટે જ હોય તેવું લાગી રહ્યું છે.પરંતુ છોટા ઉદેપુર જીલ્લામાં વિકાસનો પનો ટુકો પડી રહ્યો છે અને વિકાસ માત્ર ઝોળીમાં જોવા મળી રહ્યો છે. ત્યારે છોટા ઉદેપુર જીલ્લાના કવાંટ તાલુકામાં ત્રણ રાજ્યની સરહદે આવેલા તુરખેડા ગામમાં હજુ રસ્તો પહોંચ્યો નથી. જેને લઈને ગ્રામજનોમાં રોષ જોવા મળી રહ્યો છે.

છોટા ઉદેપુર જીલ્લો આદિવાસી બાહુલ્ય ધરાવતો જીલ્લો છે.અહીંયા આદિવાસીઓ પારંપરિક રીતે જીવન વ્યતિત કરી રહ્યા છે. અંતરિયાળ અને







ડુંગરાળ વિસ્તારમાં રસ્તાનો અભાવ જોવા મળે છે.જેને કારણે આવા વિસ્તારના લોકોને પ્રાથમિક જરૂરિયાત પણ મળી શકતી નથી. આવું જ એક ગામ છે કવાંટ તાલુકાનું તુરખેડા.

છોટા ઉદેપુર જીલ્લાના છેવાડે આવેલું ગુજરાત,મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રની ત્રિભેટે આવેલું તુરખેડા ગામ ખૂબ જ રમણીય છે.પરંતુ આ ગામ આજે પણ 18 મી સદીમાં જીવવા મજબૂર બન્યું છે. જેનું કારણ છે વિકાસ.તુરખેડા ગામમાં આઝાદીના 78 વર્ષ થવા છતાં વિકાસ પહોંચ્યો નથી.વિકાસ તો છોડો હજુ રસ્તા, પાણી, આરોગ્ય, શિક્ષણ જેવી પ્રાથમિક સુવિધાઓ પણ પહોંચી નથી.એક તરફ સરકાર છેવાડાના માનવી સુધી વિકાસ પહોંચાડવાની વાતો કરે છે.પરંતુ છેવાડાના તુરખેડા ગામમાં હજુ પાકા રસ્તા નથી બન્યા.

તુરખેડા ગામની વસતી લગભગ 2000 કરતા વધુ છે.નર્મદા નદીના કિનારે આવેલું છે.પરંતુ અહીંયા ગામમાં પહોંચવા માટેનો રસ્તો પણ દયનીય હાલતમાં છે.આ ગામમાં જવા માટે લોઢાના ચણા ચાવવા પડે તેવી હાલત છે.અહીંયા રસ્તા પર મોટા મોટા મેટલ છે જેને લઈને વાહનોના ટાયર પણ ચિરાય જાય તેવા રસ્તા પરથી પસાર થવું પડે છે.અને જો ગામ સુધી પહોંચી ગયા તો ગામના આંતરિક રસ્તાના અભાવે ગામની બહાર જ પોતાનું વાહન મૂકીને ચાલતા જવું પડે તેવી સ્થિતિ છે.અને આ રસ્તાના અભાવે ગામમાં હજુ સુધી આરોગ્ય,શિક્ષણ જેવી પ્રાથમિક જરૂરિયાતો પણ પહોંચી નથી.

હાલ તો તુરખેડાના ગ્રામજનો તંત્રના બી વિભાગના સંકલનના અભાવે રસ્તાથી વંચિત રહ્યા છે. અને તેને લઈને ગુજરાતના છેવાડે આવેલા રમણીય એવા તુરખેડાના ગ્રામજનો પ્રાથમિક જરૂરિયાત આરોગ્ય, શિક્ષણ જરૂરિયાતોથી પણ વંચિત રહેવા પામ્યા છે ત્યારે હવે તંત્ર ક્યારે આ રસ્તા બનાવશે તેને લઈને એક સવાલ ઉભો થયો છે.ત્યારે ગ્રામજનો પણ રસ્તા માટે લડી લેવાના મૂળને જણાય છે. અને આવનાર ચૂંટણી બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી રહ્યા છે.ત્યારે ગ્રામજનોને રસ્તાની ભેટ ક્યારે મળશે તે જોવું રહ્યું.

સરકાર દ્વારા તુરખેડા ગામના રસ્તા મંજૂર નથી કર્યા તેવું પણ નથી. અગાઉ 1 ઓક્ટોબર 2024 ના રોજ તુરખેડાના બસ્કરિયા ફળિયાની પ્રસૂતાને ઝોળીમાં ઉચકીને લઈ જતી વખતે રસ્તામાં પ્રસુતિ થઈ હતી અને ત્યારબાદ મહિલાનું મોત નીપજ્યું હતું.આ ઘટનાની ગુજરાત હાઈકોર્ટે નોંધ લઈ સુઓમોટો કરતા તંત્ર હરકતમાં આવ્યું હતું.

હવે 14 બેઠકો માટે 20 ઉમેદવારો મેદાનમાં

# પાદરા નાગરિક બેંક ચૂંટણીમાં રસાકસી તેજ : 5 ઉમેદવારી પત્ર પરત ખેંચાયા, 1 બેઠક બિનહરીફ

(પ્રતિનિધિ) પાદરા, તા.25
પાદરા નગર નાગરિક સહકારી બેંક લિમિટેડની વ્યવસ્થાપક મંડળની સને 2026 થી 2031 માટે યોજાનારી ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો દિવસેને દિવસે વધતો જાય છે. ઉમેદવારી પત્ર પરત ખેંચવાની અંતિમ તારીખે નોંધપાત્ર હલચલ જોવા મળી હતી, જેમાં કુલ પાંચ ઉમેદવારોએ પોતાના ઉમેદવારી પત્ર પરત ખેંચતા હવે ચૂંટણી વધુ રસપ્રદ અને સ્પર્ધાત્મક બની ગઈ છે.

મળતી વિગતો મુજબ, બેંકની કુલ ૧૫ બેઠકોમાંથી એસ.સી., એસ.ટી. બેઠક માટે માત્ર એક જ ઉમેદવારી પત્ર ભરાતા હેમંતભાઈ પરમાર બિનહરીફ તરીકે



ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા છે. બાકીની ૧૪ બેઠકો માટે હવે ૨૦ ઉમેદવારો વચ્ચે સીધી ટક્કર થશે. શરૂઆતમાં કુલ ૨૬ ઉમેદવારી પત્રકો ભરાયા હતા, જેમાંથી એક ઉમેદવાર બિનહરીફ થયા બાદ પાંચ ઉમેદવારો દ્વારા પોતાના ઉમેદવારી પરત ખેંચવામાં આવતા ચૂંટણી જંગમાં ઉમેદવારોની સંખ્યા ઘટીને ૨૦ પર આવી પહોંચી છે.

આ બેઠકોમાં બે બેઠકો સ્ત્રી અનામત માટે રાખવામાં આવી છે, જેમાં ત્રણ મહિલા ઉમેદવારો વચ્ચે જંગ જામવાનો છે. જ્યારે સામાન્ય ૧૨ બેઠકો માટે ૧૭ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે, જેના કારણે દરેક બેઠક માટે કડક સ્પર્ધા જોવા મળશે તેવું સભાસદો નું કહેવું છે.

ચૂંટણી પ્રક્રિયા દરમિયાન પાદરા નાગરિક બેંકમાં ભારે ઉત્સાહ અને ચહલપહલ જોવા મળી હતી. ઉમેદવારી પત્ર પરત ખેંચવાની પ્રક્રિયા ચૂંટણી અધિકારીઓ સૂર્યકાંત પટેલ, જીગર પંડ્યા અને મનહરભાઈ પટેલની હાજરીમાં બેંકના કાર્ય સમય દરમિયાન પારદર્શક રીતે પૂર્ણ કરવામાં આવી હતી.